સંદેશ

City Life Wednesday, September 04, 2013

# આઇઆઇટી પ્રોફેસર્સ અને સ્ટુડન્ટ્સની યુનિક ગેમ

અમદાવાદ : 3 સપ્ટેમ્બર 2013
ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી-જીએનના પ્રોફેસર્સ અને સ્ટુડન્ટ્સ દ્વારા એક નવા પ્રકારના પ્રયોગ સાથે ગેમ ડેવલપ કરવામાં આવી છે. સામાન્ય રીતે કોઇ પણ ડ્રગ્સનું ટ્રાયલ પ્રાણીઓ પછી માણસો પર લેવામાં આવે છે. આ ગેમ દ્વારા માણસો પર થતા ટ્રાયલ પર અંકુશ લાવી શકાશે. કેમિકલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટના પ્રોફેસર બાબજી શ્રીનિવાસન અને સ્ટુડન્ટ્સે knot o knot ગેમ તૈયાર કરી છે.
આ માટે પ્રોફેસર દ્વારા એક ડિવાઇસ તૈયાર કરવામાં આવ્યું છે. જેના દ્વારા સેલ અને ડ્રગ્સને એક સાથે આ ડિવાઇસના માધ્યમથી મિક્સ કરવામાં આવશે. સામાન્ય રીતે સેલ અને ડ્રગ્સને મિક્સ કરવાની પ્રક્રિયા બહુ જ જટિલ હોય છે. જે સામાન્ય સંજોગોમાં કરી શકાય તેમ નથી હોતી. પરંતુ મિક્સ કરવાની બાબતમાં તેના પર કંટ્રોલ હોવો ખૂબ જ જરૂરી છે.
ગેમ કઇ રીતે કામ કરશે
ગેમમાં સ્ક્રીન પર ફૂટબોલને ગ્રાફિકની રીતે દર્શાવામાં આવ્યા છે. તમારે તેની સાથે રેડ લાઇન આવતા તેને સ્કીપ કરવાની રહેશે. જે પ્લેયર સારો સ્કોર કરશે તેના દરેક સ્ટેપનું મુલ્યાંકન થશે. જે પ્લેયર સૌથી વધારે સ્કોર કરશે તેની માહિતી આપોઆપ આઇ.આઇ.ટી.જી-એનના સર્વર અને પ્રોફેસરના મેઇલમાં મેસેજ થઇ જશે. આવેલી માહિતીનો અલગોરીધમ તરીકે ઉપયોગ કરવામાં આવશે.
શું ફાયદો થશે?
આ ગેમ દ્વારા સેલ અને ડ્રગ્સને મિક્સ કરીને કેવી રીતે રિઝલ્ટ મેળવી શકાય છે તેની માહિતી મળશે. સાથે જ જે માણસો પર નવા દવાઓનું એક્સપરિમેન્ટ કરવામાં આવે છે તેની અવેજીમાં આ ગેમનો ઉપયોગ થઇ શકે છે.
.